**Sandesh**
**Edition:** Ahmedabad | **Date:** February 25, 2012 | **Page No:** 14 | **Category:** Kalhaar Blues & Greens

## 18 hole Championship Golfers at Sanand

# સાણંદમાં ૧૮ હોલ ચેમ્પિયનશિપ ગોલ્ફકોર્સ



અમદાવાદ, તા. ૨૪

ગુજરાત હવે આગામી દિવસોમાં દેશ માટે ગોલ્ફનું ગઢ બની જાય તેવી સંભાવના ઊજળી બની ગઈ છે. ગુજરાતમાં હાલ ચાર આંતરરાષ્ટ્રીય કક્ષાના ગોલ્ફકોર્સ છે, હવે સાણંદ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનો પાંચમો ગોલ્ફકોર્સ તૈયાર થઈ ગયો છે. નવરત્ન ગ્રૂપ વિશ્વસ્તરનો ૧૮ હોલનો ચેમ્પિયનશિપ ગોલ્ફકોર્સ 'કલ્હાર બ્લૂ એન્ડ ગ્રીન' રજૂ કરી રહ્યું છે. વિશ્વવિખ્યાત ગોલ્ફ આઈકોન જેક નિકોલસની કંપની દ્વારા ડિઝાઈન કરાયેલા આ ગોલ્ફકોર્સમાં અનેક વિશેષતા છે, જેમ કે, ભારતમાં સૌપ્રથમ વાર નિકોલસ ડિઝાઈનના આકરાં અને ચોકસાઈપૂર્વકનાં ધોરણ તૈયાર કરવામાં આવ્યાં છે, જેના કારણે તે દેશનો અત્યંત એક્સક્લુઝિવ અને પ્રતિષ્ઠિત ગોલ્ફકોર્સ બની રહેશે. સરદાર પટેલ રિંગ રોડથી ૧૧ કિલોમીટરનાં અંતરે સાણંદમાં આવેલો આ ગોલ્ફકોર્સ કાર્ટ બગી કોર્સ ધરાવતો રાજ્યનો પ્રથમ ગોલ્ફકોર્સ છે. ૧૭૫ એકર વિસ્તારમાં ફેલાયેલા, ૭,૧૩૭ વારની લંબાઈ ધરાવતા આ ગોલ્ફકોર્સનો સમાવેશ ભારતના સૌથી મોટા ગોલ્ફકોર્સમાં થાય છે, તેમાં ૩૫ એકરના વિસ્તારને આવરી લેતાં ૩૫ વોટર બોડીઝ આવેલા છે. આ કોર્સ અન્ય પણ કેટલીક ખાસિયત ધરાવે છે અને તે સેન્ડ એન્ડ બીચ બંકર્સ, વોટર હેઝાર્ડ્ઝ જેવા પડકાર પૂરા પાડે છે તથા હોલ નંબર-૭ કે જે ગોલ્ફકોર્સનો સિગ્નેચર હોલ છે ત્યાં 'આઈલેન્ડ'નું દૃશ્ય ખડું કરાયું છે. આ ગોલ્ફકોર્સમાં વિવિધ પ્રકારના ૩ લાખ છોડ રોપવામાં આવ્યા છે. ગોલ્ફકોર્સમાં એક વાડથી બીજી વાડ સુધી ઘાસ છે અને તેને હાઈટેક કમ્પ્યૂટરાઈઝ્ડ સિંચાઈ પદ્ધતિથી મેનિક્યોર કરવામાં આવ્યું છે. સમગ્ર ગોલ્ફકોર્સને ૮થી ૧૦ ઈંચનો સેન્ડકેપ કરાયો છે જેથી શ્રેષ્ઠ વોટર હાર્વેસ્ટિંગ, વરસાદી પાણી, વધારાનાં ડ્રેઈન વોટરને સરોવરમાં વાળી શકાય. પ્રણવ શાહ અને દેવાંગ શાહે આ ગોલ્ફકોર્સ તૈયાર કરવામાં જહેમત ઉઠાવી છે. આ ગોલ્ફકોર્સમાં રવિવારે સૌપ્રથમ વાર ટૂર્નામેન્ટનું આયોજન કરાશે.

### અમદાવાદ પાસે આવેલા ગોલ્ફકોર્સ

| ગોલ્ફકોર્સ | હોલ | અંતર (કિ.મી.) |
|---|---|---|
| કેન્સવિલ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ | ૧૮ | ૪૨ |
| ગુલમહોર ગ્રીન્સ એન્ડ કન્ટ્રી ક્લબ | ૯ | ૨૭ |
| કલ્હાર બ્લૂ એન્ડ ગ્રીન્સ | ૧૮ | ૧૫ |
| કેમ્બે ગોલ્ફ | ૯ | ૩૦ |
| બેલ્વેદરે ક્લબ | ૯ | ૧૭ |

(આ અંતર ઇસ્કોન ચાર રસ્તાથી અપાયું છે)